**સુપર સોલ્ટ**
(આરોગ્યપ્રદ મીઠું)
સેંધા નમક હોલસેલ ભાવે મળશે
**ભોજનમાં શુધ્ધ મીઠાનો ઉપયોગ કરો**
શરીર માટે ઉપયોગી સિંધવ મીઠું કઈ રીતે બેસ્ટ છે ?
શ્વસન પ્રક્રિયા માટે | ગર્ભાવસ્થા માટે | માંસપેશીઓ માટે
પાણીની અછત સામે | સ્કીનની સાચવણી માટે | બ્લડપ્રેશર માટે
હોલસેલ ડેપો સુપર સોલ્ટ બેંક ઓફ બરોડા પાસે, પાંડેસરા G.I.D.C. સુરત.
રીટેઈલ કાઉન્ટર ઋષભ ટાવર પાસે,નવયુગ પોસ્ટ ઓફિસની નીચે અડાજણ, સુરત.
Call : 98795 06947
દોરીયાવાડ મસ્જિદ પાસે, સલાબતપુરા, સુરત.
વેપારી પૂછપરછ માટે
Call : 91066 97544

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ભાદરવો સુદ અગિયારસ, બુધવાર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૫૫ પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# સુદાનમાં ભૂસ્ખલનથી આખુ ગામ નષ્ટ, 1,000થી વધુના મોત

**આફ્રિકન** દેશના તાજેતરના ઇતિહાસમાં સૌથી ભયંકર કુદરતી આફતોમાંની એક કરુંણાતિકા

**ભારે** વરસાદને પગલે મધ્ય દારફુરના મરાહ પર્વતમાળાના તારાસિન ગામમાં આ દુર્ઘટના બની

**મૃતદેહોને** બહાર કાઢવા માટે મદદ માટે યુએન અને આંતરરાષ્ટ્રીય સહાય જૂથોને અપીલ કરાઇ





કૈરો, તા. 02 (એપી) : સુદાનના પશ્ચિમી પ્રદેશ દારફુરમાં એક આખુ ગામ ભૂસ્ખલનથી નાશ પામ્યું છે, જેમાં અંદાજે 1,000 લોકો માર્યા ગયા, આ આફ્રિકન દેશના તાજેતરના ઈતિહાસમાં સૌથી ભયંકર કુદરતી આફતોમાંની એક, આ વિસ્તાર પર નિયંત્રણ રાખતા બળવાખોર જૂથે સોમવારે મોડી રાત્રે જણાવ્યું હતું.

સુદાન લિબરેશન મૂવમેન્ટ-આર્મીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઓગસ્ટના અંતમાં ભારે વરસાદ પછી રવિવારે મધ્ય દારફુરના મરાહ પર્વતમાળાના તારાસિન ગામમાં આ દુર્ઘટના બની હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રારંભિક માહિતી સૂચવે છે કે ગામના બધા રહેવાસીઓના મૃત્યુ થયા છે, જેનો અંદાજ એક હજારથી વધુ લોકો છે. ફક્ત એક જ વ્યક્તિ બચી ગયો છે. આખુ ગામ સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગયું હોવાનું જૂથે જણાવ્યું હતું, મૃતદેહોને બહાર કાઢવા માટે મદદ માટે યુએન અને આંતરરાષ્ટ્રીય સહાય જૂથોને અપીલ કરી હતી. મરાહ પર્વતમાળા સમાચાર આઉટલેટ દ્વારા શેર કરાયેલ ફૂટેજમાં પર્વતમાળાઓ વચ્ચેનો એક સપાટ વિસ્તાર દર્શાવવામાં આવ્યો છે જેમાં લોકોનું એક જૂથ આ વિસ્તારમાં શોધ કરી રહ્યું છે.

એપ્રિલ 2023માં રાજધાની ખાર્તુમ અને દેશના અન્ય સ્થળોએ દેશની સેના અને અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસ વચ્ચેના તણાવ ખુલ્લા યુદ્ધમાં ફેરવાયા પછી સુદાનમાં વિનાશક ગૃહયુદ્ધ ફેલાયું હતું. સુદાનની સેના અને આરએસએફ વચ્ચેના પ્રતિબંધો અને લડાઈને કારણે મરાહ પર્વતો સહિત દારફુરનો મોટાભાગનો વિસ્તાર યુએન અને સહાય જૂથો માટે દુર્ગમ બની ગયો છે.

મરાહ પર્વતો અલ-ફાશરથી 160 કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં ફેલાયેલી એક કઠોર જ્વાળામુખીની સાંકળ છે, જે લશ્કર અને આરએસએફ વચ્ચેની લડાઈનું કેન્દ્ર છે. આ વિસ્તાર અલ-ફાશરમાં અને તેની આસપાસ લડાઈ કરીને ભાગી રહેલા વિસ્થાપિત પરિવારો માટે એક કેન્દ્રમાં ફેરવાઈ ગયો છે.

આ સંઘર્ષમાં 40,000 થી વધુ લોકો માર્યા ગયા છે, 14 મિલિયનથી વધુ લોકોને તેમના ઘર છોડવા મજબૂર કર્યા છે અને દેશના કેટલાક ભાગોમાં દુષ્કાળ પડ્યો હોવાથી કેટલાક પરિવારો જીવવા માટે ઘાસ ખાવા માટે મજબૂર થયા છે.

## દિલ્હી ડાયરી



### કોન્સ્ટિટ્યુશન ક્લબની ચૂંટણીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો

નવી દિલ્હીના મધ્યમાં સંસદ ભવન પાસે સ્થિત વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદોની કોન્સ્ટિટ્યુશન ક્લબની મેનેજિંગ કમિટીની પસંદગી માટે તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં દૂર-દૂરથી મતદારો મતદાન કરવા માટે સમયસર પહોંચી રહ્યા હતા. સંસદના ચોમાસા સત્રમાં હાજરી આપનારા વર્તમાન સાંસદોને ગૃહની કાર્યવાહીના વિરામ દરમિયાન ક્લબમાં મતદાન કરવા માટે પગપાળા ચાલીને જવાની કોઈ સમસ્યા નહોતી, જ્યારે અન્ય, મોટા ભાગે ભૂતપૂર્વ સાંસદો, પોતપોતાના રાજ્યોમાંથી આવ્યા હતા.

જ્યારે ભાજપના ભૂતપૂર્વ સાંસદ અને ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ મરાંડી, ઝારખંડના વર્તમાન રાજ્યપાલ અને ભૂતપૂર્વ ભાજપ નેતા સંતોષ ગંગવાર જેવા કેટલાક નેતાઓ હાઇ-પ્રોફાઇલ ચૂંટણીઓમાં મતદાન કરવા માટે દિલ્હી આવ્યા હતા. જ્યારે દિલ્હીના ભૂતપૂર્વ ભાજપ સાંસદ રમેશ બિધુરી કોન્સ્ટિટ્યુશન ક્લબમાં મતદાન કરવા પહોંચ્યા ત્યારે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સંજીવ બાલ્યાન - જેમણે તેમના પક્ષના સાથી રાજીવ પ્રતાપ રૂડી સામે સચિવ (વહીવટ)ના મુખ્ય પદ માટે ચૂંટણી લડી હતી - તેમણે સ્મિત સાથે તેમને (બિધુરીને)

...અનુસંધાન પાના 8 પર

# મરાઠા અનામત : સરકારે મોટાભાગની માગણી સ્વીકારતા જરાંગે બોલ્યા, આપણે જીતી ગયા

**ઉપવાસી** આંદોલનનો પાંચમા દિવસે અંત આવ્યા પછી જરાંગેની જાહેરાત : હવે અમે મુંબઈ છોડી દઈશું

**જરાંગેએ** જીતી ગયાની જાહેરાતથી સમર્થકોએ ઉજવણી કરી, મુંબઇવાસીઓને પણ મોટી રાહત મળી



મુંબઈ, તા. 02 (પીટીઆઇ) : મહારાષ્ટ્ર સરકારની મરાઠા ક્વોટા પરની કેબિનેટ સબ-કમિટીએ લાયક મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવા સહિતની તેમની મોટાભાગની માગણીઓ સ્વીકાર્યા બાદ ઉપવાસી આંદોલન છેડનાર મનોજ જરાંગેએ મંગળવારે તેમના ઉપવાસના પાંચમા દિવસે અંત કરીને આપણો વિજય થયો એવી જાહેરાત કરી હતી. આ જાહેરાતથી તેમના સમર્થકોમાં ઉજવણી શરૂ થઈ ગઈ, જ્યારે મુંબઈવાસીઓને રાહત મળી હતી.

કુણબી દરજ્જો મરાઠા સમુદાયના સભ્યોને ઓબીસી ક્વોટાનો દાવો કરવા માટે લાયક બનાવશે, જે જરાંગેની મુખ્ય માગ છે. જો મહારાષ્ટ્ર સરકાર મરાઠા ક્વોટાની માગણીઓ પર સરકારી ઠરાવો જાહેર કરશે તો અમે રાત્રે નવ વાગ્યા સુધીમાં મુંબઈ છોડી દઈશું એવું જારંગેએ કહ્યું હતું.

આ પહેલા સોમવારે બોમ્બે હાઈકોર્ટે જરાંગે અને પ્રદર્શનકારીઓને બપોરે 3 વાગ્યા સુધીમાં આઝાદ મેદાન ખાલી કરવાનો નિર્દેશ આપ્યો હતો, નોંધ્યું હતું કે તેઓ પરવાનગી વિના વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. બાદમાં તેણે જરાંગેની બુધવાર સવાર સુધી તેમની ભૂખ હડતાળના ગ્રાઉન્ડ ઝીરો પર રહેવાની મંજૂરી આપવાની વિનંતી સ્વીકારી.

બુધવારે સવાર સુધીમાં

...અનુસંધાન પાના 11 પર

# પહેલી 'મેડ ઇન ઇન્ડિયા' ચિપ વિકસાવાઇ, સેમિકોન ઇન્ડિયા દરમિયાન પીએમ મોદીને સોંપાઇ

**પીએમ** મોદીને પ્રથમ સ્વદેશી 'વિક્રમ' 32-બીટ પ્રોસેસર અને ચાર સેમિકન્ડક્ટર ટેસ્ટ ચિપ્સ સોંપવામાં આવી

**ઇસરોની** સેમી કન્ડક્ટર લેબમાં તૈયાર પ્રોસેસરને વિક્રમ3201 નામ અપાયું અને તેમાં બધા જ સ્વદેશી સાધનો વપરાયા





ભારતે ચિપ ક્રાંતિમાં એક મોટું પગલું ભરીને પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' પ્રોસેસર અને ટેસ્ટ ચિપ તૈયાર કરી છે. મંગળવારે, સેમિકોન ઈન્ડિયા 2025 દરમિયાન, કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ચીપ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સોંપી હતી. તેમાં

...અનુસંધાન પાના 11 પર

### વિક્રમ3201ની વિશેષતાઓ શું છે

- વિક્રમ 3201 પ્રોસેસર ખાસ કરીને અવકાશ પ્રક્ષેપણ વાહનોની આત્યંતિક પરિસ્થિતિઓમાં કામ કરવા માટે રચાયેલ છે. તે અવકાશ અને સંરક્ષણ ક્ષેત્રમાં ખૂબ મદદરૂપ થઈ શકે છે.
- તે અવકાશ ઉડાન દરમિયાન ભારે ગરમી, ઠંડી, કંપન અને દબાણ જેવી આત્યંતિક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે રચાયેલ છે.
- તે એક માઇક્રોપ્રોસેસર ચિપ છે જે વિવિધ કાર્યો કરી શકે છે, જેમ કે ગણતરી કરવી, ડેટા પ્રોસેસ કરવો અને નિયંત્રણ સિસ્ટમ ચલાવવી.
- આ પ્રોસેસર એક સમયે 32 બિટ્સ ડેટા પ્રોસેસ કરી શકે છે. આ તેની ગતિ અને ક્ષમતા દર્શાવે છે. આનો અર્થ એ છે કે તે વધુ જટિલ કાર્યો સરળતાથી પૂર્ણ કરી શકે છે.
- તે પહેલાથી જ સ્વદેશી રીતે વિકસિત 16-બીટ VIKRAM1601 નું એક અદ્યતન સંસ્કરણ છે, જેનો ઉપયોગ 2009 થી ISRO ના લોન્ચ વાહનોની એવિઓનિક્સ સિસ્ટમમાં કરવામાં આવે છે.

### વિશ્વના લગભગ 20% ચિપ ડિઝાઇન એન્જિનિયરો ભારતમાં કામ કરે છે

બાસ્ટિયન રિસર્ચના એક અહેવાલ મુજબ, વિશ્વના લગભગ 20% ચિપ ડિઝાઇન એન્જિનિયરો ભારતમાં કામ કરે છે. આમ, ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર ડિઝાઇનનું એક મહત્વપૂર્ણ

...અનુસંધાન પાના 11 પર

### દેશમાં 5 સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે દેશમાં 5 સેમિકન્ડક્ટર યુનિટ બનાવવામાં આવી રહ્યા છે. આમાંથી એકનું પાયલોટ લાઇન પૂર્ણ થઈ ગયું છે.

...અનુસંધાન પાના 11 પર

# ચંદ્રશેખર રાવે પક્ષવિરોધી પ્રવૃત્તિઓ માટે પુત્રી કે કવિતાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી



**કવિતાએ** પિતરાઈ ભાઈ અને માજી મંત્રી હરીશ રાવ પર નિશાન સાધ્યા બાદ તેમની હકાલપટ્ટી થઇ

હૈદરાબાદ, તા. 2 (પીટીઆઈ) : કાલેશ્વરમ પ્રોજેક્ટ અંગે તેમના પિતરાઈ ભાઈઓ અને પાર્ટી નેતાઓ ટી હરીશ રાવ અને જે સંતોષ કુમાર પર તેમના પિતા કેસીઆરની છબી ખરાબ કરવાનો આરોપ લગાવીને બીઆરએસમાં તોફાન મચાવ્યાના એક દિવસ પછી એમએલસી કે. કવિતાને મંગળવારે ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં

...અનુસંધાન પાના 11 પર

# અમેરિકન પડકારોને પહોંચી વળવા જિનપિંગ અને પુતિને જૂના મૈત્રી સંબંધની પુષ્ટિ કરી

**બીજા** વિશ્વયુદ્ધની વાત યાદ કરી પુતિને કહ્યું, અમે ત્યારે પણ સાથે હતા અને આજે પણ છીએ

**જિનપિંગે** પુતિનને જૂના મિત્ર તરીકે આવકાર્યા અને પુતિને શીને પ્રિય મિત્ર કહીને સંબોધ્યા



બેઈજિંગ, તા. 02 (એપી) : ચીનના નેતા શી જિનપિંગે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને જૂના મિત્ર તરીકે આવકાર્યા હતા અને બંને નેતાઓએ મંગળવારે શ્રેણીબદ્ધ બેઠકો શરૂ કરી હતી. આ બેઠકો એવા સમયે થઈ રહી છે જ્યારે બંને દેશો અમેરિકા તરફથી વિવિધ પડકારોનો સામનો કરી રહ્યા છે. તાજેતરના વર્ષોમાં, ખાસ કરીને 2022 ની શરૂઆતમાં યુક્રેન પર રશિયન આક્રમણ પછી, ચીન અને રશિયા વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા છે.

પુતિને શીને પ્રિય મિત્ર તરીકે સંબોધીને કહ્યું કે રશિયાના ચીન સાથેના સંબંધો અભૂતપૂર્વ ઉચ્ચ સ્તરે છે. ઔપચારિક વાટાઘાટો પછી, તેઓ તેમના કેટલાક ટોચના સહાયકો

...અનુસંધાન પાના 11 પર

# કોલકાતા જતી ઈન્ડિગો ફ્લાઈટ સાથે પક્ષી અથડાયા બાદ નાગપુર પરત ફરી

**160** મુસાફરોને લઇને જતી ફ્લાઇટને ઘટનાને પગલે રદ કરવામાં આવી

નાગપુર, તા. 2 (પીટીઆઈ) : મંગળવારે સવારે ટેકઓફ પછી તરત જ એક પક્ષી અથડાયા બાદ નાગપુર-કોલકાતા ઈન્ડિગો ફ્લાઈટ એરપોર્ટ પર પાછી ફરી હતી. એમ એક વરિષ્ઠ એરપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, સાવચેતીના પગલા તરીકે, 160થી 165 મુસાફરોને લઈને જતા વિમાનને નાગપુર એરપોર્ટ પર પાછા ફરવું પડ્યું હતું. અધિકારીએ ઉમેર્યું હતું કે, ફ્લાઈટ રદ કરવામાં આવી છે.

એરલાઈનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "2 સપ્ટેમ્બરના રોજ નાગપુરથી કોલકાતા જતી ઈન્ડિગો ફ્લાઈટ 6ઈ 812 ટેકઓફ પછી તરત જ પક્ષી સાથે અથડાઈ હતી. સાવચેતીના પગલા તરીકે, પાઈલટ્સે પાછા ફરવાનો નિર્ણય લીધો હતો અને ફ્લાઈટ નાગપુર એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊતરી હતી."

પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, ''વિમાનના જરૂરી નિરીક્ષણ અને જાળવણીની જરૂરિયાતને કારણે ફ્લાઈટ દિવસ માટે રદ કરવામાં આવી છે. અમારા ગ્રાહકોને અસુવિધા ઓછી કરવા માટે અમે તેમને નાસ્તો, વૈકલ્પિક વ્યવસ્થા અને/અથવા રદ કરવા પર સંપૂર્ણ રિફંડ ઓફર કર્યું હતું.''

### તા. ૦૨-૦૯-૨૦૨૫નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૭૦૯.૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૩.૨ સે. | ૨૫.૮ સે. | ૬૨% |